# જાહેરાત અને નિયમો

શ્રી સરસ્વતી ગ્રામવિદ્યાપીઠ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ સંલગ્ન શ્રી. મો. હ. પટેલ ગ્રામસેવા મહાવિદ્યાલય, સમોડા-ગણવાડા (બી.આર.એસ કોલેજ) માં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા તારીખ ૦૨/૦૧/૨૦૨૬ના રોજ મળેલ એન.ઓ. સી. ક્રમાંક ગ્રા.વિ./NOC/૨૫-૨૬/૩૧-33 મુજબ નીચે દર્શાવેલ જગ્યાઓ માટે નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કેટેગરી | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | પગારધોરણ | વય મર્યાદા |
|---|---|---|---|---|---|---|
| ૧ | જુનિયર ક્લાર્ક | બિન અનામત | ૦૧ (એક) | સરકારશ્રીના ધારાધોરણ મુજબ માન્ય યુનિવર્સિટીના સ્નાતક | સદર જગ્યા માટે સરકારશ્રી દ્વારા મંજુર થયેલ પ્રવર્તમાન નિયમો મુજબ (૧૯૯૫૦/- પ્રથમ પાંચ વર્ષ ફિક્સ પગાર) | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ |

વધુ વિગતો તેમજ લેખિત પરીક્ષાની પદ્ધતિ, અભ્યાસક્રમ તથા ગ્રામ વિદ્યાપીઠના કર્મચારીઓ માટેની આચાર સંહિતા તેમજ અન્ય નિયમો, શરતો સંસ્થાની વેબસાઈટ www.sgvpngo.org પર જોઈને સંપૂર્ણ વિગતો ધ્યાને લઈ અરજી કરવાની રહેશે.

જગ્યા ને અનુરૂપ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં જરૂરી તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે રજી.એ.ડી/ સ્પીડ પોસ્ટ થી નીચેના સરનામે મળે તે રીતે અરજી કરવાની રહેશે. સરકારશ્રીની ગ્રામ વિદ્યાપીઠો માટેની આચાર સંહિતા તથા એન.ઓ.સી.ની શરતો અને નિયમોનું નિમણૂક પામનાર કર્મચારીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને લેખિત સંમતિપત્રક આપવાનું રહેશે. લેખિત પરીક્ષા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી અને સમયપત્રક સંસ્થાની વેબસાઈટ www.sgvpngo.org પર મૂકવામાં આવશે. આથી સંસ્થાની વેબસાઈટ સમયાંતરે જોતા રહેવું.

ઉમેદવારે અરજી સાથે ૫૦૦ રૂપિયા પ્રોસેસ ફી નો ડીડી “આચાર્યશ્રી મો.હ. પટેલ ગ્રામસેવા મહાવિદ્યાલય સમોડા ગણવાડા” નામનો જોડવાનો રહેશે અને તે નોન રિફન્ડેબલ રહેશે. નિયત સમયમાં અને નિયત ફી વગરની અરજી રદ કરવામાં આવશે. **<u>અરજી કરવાનું સરનામું</u>**: આચાર્યશ્રી, મો.હ.પટેલ ગ્રામસેવા મહાવિદ્યાલય, સમોડા-ગણવાડા, તા.સિધ્ધપુર, જિ.પાટણ (ઉ.ગુ.) પીન.કોડ. ૩૮૪૧૫૧

# નિયમો

1. ઉમેદવારે શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ અરજી કરવાની રહેશે.

2. ગ્રામવિદ્યાપીઠો માટેની આચાર સંહિતાનો અભ્યાસ કરી તે અમલ કરવાની તૈયારી હોય તે જ ઉમેદવારે અરજી કરવી.

3. દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબધિત વિભાગ / ખાતાની કચેરીના વડાની સાથે પરામર્શ કરીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

4. ઉમેદવારે કરેલ અરજીની કોઈપણ વિગતો ખોટી કે ક્ષતિયુક્ત માલૂમ પડશે તો ઉમેદવારી રદ કરવામાં આવશે.

5. મેરીટ યાદીને આધારે પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંકની પૂર્વમંજુરી ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી પાસેથી મેળવ્યા બાદ જ નિમણૂંક હુકમ આપવામાં આવશે.

6. નાણાવિભાગના તા.18/01/2017ના ઠરાવ ક્રમાંક ખરચ/2002/57/પાર્ટ - 2/ઝ.૧ ની જોગવાઇ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર આપવાનો રહેશે તેમજ વખતો વખતના સબંધિત જગ્યા માટેના મંજુર થયેલા પ્રવર્તમાન નિયમો લાગુ પડશે. વધારાના કોઈ જ પ્રકારના ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

7. ઉમેદવારે અજમાયશી સમયગાળા દરમિયાન સામાન્ય વહીવટી વિભાગના તારીખ ૩૦/૦૯/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક ની જોગવાઇઓ મુજબ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહેશે. વખતો વખતના સબંધિત જગ્યા માટેના પ્રવર્તમાન નિયમો લાગુ પડશે.

8. આ એન.ઓ.સી. મુજબની સંબંધિત જગ્યા સીધી ભરતીથી ભરવાની હોય શારીરિક યોગ્યતા, ચારિત્ર્ય સંબંધિત તપાસ, નાગરિકત્વ સંબંધિત શરતો, અજમાયશી સમયગાળા અંગેની શરત, નિયોક્તાની પૂર્વ સંમતિ, નિમણુંક બાદ ખાતાકીય પરીક્ષા વગેરે સંબંધે સંસ્થા / યુનિવર્સિટી / રાજ્ય સરકારમાં જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ના ભાગ - ૩ અને ભાગ - ૪માં દર્શાવ્યા મુજબ યથાયોગ્ય રીતે લાગુ કરવાના રહેશે.

9. પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં લઘુતમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષય કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહીં તેમજ મંજૂર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહીં.

10. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણા વિભાગના તારીખ ૧૮/03/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨003/GOI/૧૦-પી તથા તેને આનુષાંગિક ઠરાવોની જોગવાઈઓ ને આધીન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવાની રહેશે.

11. જો ગ્રામવિદ્યાપીઠ સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામવિદ્યાપીઠ બંધ થાય તો આ જગ્યા હેઠળ નિમણૂંક પામેલા કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેમણે ફાજલનું રક્ષણ મળી શકશે નહીં.

12. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને સમાન સંવર્ગના અધિકારી / કર્મચારી જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે, તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત હોઇ તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટ ટાઇમ નોકરી કરી શકશે નહીં, જાહેર રજાના દિવસોએ

પણ સરકારી કામગીરીની જરૂરિયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

13. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને પાંચ વર્ષ દરમિયાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા સિવાય તે અન્ય કોઈ રજા ભોગવશે તો રજાના પગારની કપાત કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસૂતિ રજાઓ મળવાપાત્ર થશે.

14. આ જગ્યા પર નિમણૂંક પામનારે ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજિયાત રહેવાનું રહેશે અને અધિકૃત અધિકારીની લેખિત પૂર્વ પરવાનગી વગર મુખ્યમથક છોડી શકાશે નહીં.

15. આ જગ્યા પર નિમણૂંક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તારીખ ૨૧/૦૪/૧૯૯૪ના ઠરાવથી ગ્રામ વિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચાર સંહિતાના તમામ નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવાનું બંધન કરતાં રહેશે. જે અંગેનું ઉમેદવારનું સંમતિપત્ર ઉમેદવારે નિમણૂંક પહેલા સંસ્થાને આપવાનું રહેશે.

16. નિમણૂંક પામેલ કર્મચારીની અસંતોષકારક કામગીરી કે અશિસ્તના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સંલગ્ન યુનિવર્સિટી / રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજૂરી / પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ કરી શકાશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહીની જાણ આ કચેરીને અચૂક કરવાની રહેશે.

17. પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહીં.

18. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

19. સરકારશ્રીની ભરતી માટે કોઈપણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહીં.

20. ભરતી પ્રક્રિયા અંગે રાજ્ય સરકાર જે નિયમો ઘડે તે બંધન કર્તા રહેશે.

21. નિયત શૈક્ષણિક લાયકાત અને ફી સિવાયની અને સમય મર્યાદા પછી આવેલ અરજી ગ્રાહ્ય રહેશે નહીં.

22. ઉપરોક્ત તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું પ્રમાણપત્ર સંબધિત સંસ્થાને આપવાનું રહેશે.

• **લાયકાત**

| **ક્રમ** | **જગ્યાનુ નામ** | **લાયકાત**<br>**(શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧/૧૨/૨૦૨૫ના ઠરાવ મુજબ)** |
|---|---|---|
| ૧ | જુનિયર ક્લાર્ક | માન્ય યુનિવર્સીટીના સ્નાતક |

**નોધ** :

1. ઉપર દર્શાવેલ તમામ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવેલ છે પરંતુ આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઇઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઇને જ અરજી પત્રકમાં વિગતો ભરવાની રહેશે.

2. દરેક સંવર્ગની ઉપલી વયમર્યાદા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ તેમજ જે તે સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઈ અને સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૯/૦૯/૨૦૧૨ અને તારીખ ૦૬/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૧૨૦૦૮/૨૮૨૩૨૩/ગ-૫ ની જોગવાઈઓ અને સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: તારીખ ૧૪/૦૨/૨૦૧૯ સીઆરઆર/૧૧/૨૦૧૬/૬૦૯૪૩૫/ગ-૫ તે અન્વયે થયેલ સુધારાને ધ્યાને લેવામાં આવેલ છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ED/0510/07/2024 તા. ૨૨/૦૭/૨૦૨૪ અનુસાર વય મર્યાદા લાગુ પડશે.

3. દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

4. જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે જાહેરાતની તારીખની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

5. અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો લાગુ પડશે.

6. મૂળ ગુજરાતનાં અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.

· **વય મર્યાદામાં છૂટછાટ**:

| કેટેગરી | છૂટછાટ | **મહત્તમ વયમર્યાદા** |
|---|---|---|
| તમામ કટેગરીના પુરુષ ઉમેદવારોને | - | **૩૫ વર્ષ** |
| મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૦ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કટેગરીના દિવ્યાંગતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કટેગરીના દિવ્યાંગતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫= ૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| માજી સૈનિક ઉમેદવારો | - | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |

અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહિ.

1. ઉમેદવાર, દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીકિટ ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૧/૧૨/૨૦૦૮ના પરીપત્ર ક્રમાંક : પરચ - ૧૦૨૦૦૮ - ૪૬૯૫૪૦ - ગ. ૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.
2. માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૦૧/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક : GS/2018-(2)-RES-1085/3433/G-2 ની જોગવાઈ મુજબ ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.
3. માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

**કોમ્પ્યુટરની જાણકારી** :

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫- થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમ સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમાં/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટરના વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મળવાપાત્ર થશે નહીં તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવાની પસંદગી રદ કરશે.

**પગાર ધોરણ** :-

| ક્રમ | **જગ્યાનું નામ** | પગાર ધોરણ |
|---|---|---|
| ૧ | જુનિયર ક્લાર્ક | ૧૯૯૫૦/-(પ્રથમ પાંચ વર્ષ ફિક્સ પગાર) |

**પરીક્ષા પધ્ધતિ :**

સરકારશ્રીના તારીખ ૧૮/૫/૨૦૨૩ના સામાન્ય વહિવટ વિભાગના જાહેરનામા તથા તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક GS/2026/01/0125/K પ્રમાણે જુનિયર કલાર્ક માટે મંજુર કરવામાં આવેલ પરીક્ષા પધ્ધતિ અનુસાર બે તબકકામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવાશે. જે નીચે પ્રમાણેનું માળખું હશે.

**જુનિયર કલાર્ક માટે પ્રાથમિક પરીક્ષા : (૧૫૦ ગુણ સમયઃ ૨ કલાક)**

પ્રાથમિક કસોટી MCQ-OMR પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.જેનું માળખું નીચે પ્રમાણે રહેશે.

| ક્રમ | વિગત | ગુણભાર |
|---|---|---|
| ૧ | ગુજરાતી (Gujarati) | ૧૫ ગુણ |
| ૨ | અંગ્રેજી (English) | ૧૫ ગુણ |
| ૩ | સામાન્ય જ્ઞાન અને વર્તમાન પ્રવાહ (General Awareness And Current Affairs) | ૩૦ ગુણ |
| ૪ | પરીણાત્મક અભિરૂચિ (Quantitative aptitude) | ૩૦ ગુણ |
| ૫ | તાર્કિક ક્ષમતા (Reasoning) | ૬૦ ગુણ |
| | કુલ | **૧૫૦ ગુણ** |

- મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારો પસંદ કરવા પ્રથમ તબકકામાં જુનિયર ક્લાર્ક માટેની પ્રાથમિક પરીક્ષા MCQ-OMR પધ્ધતિથી લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષામાં ૧૫૦ પ્રશ્નો હશે. દરેક પ્રશ્નનો ૧ ગુણ રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
- ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્ક લાગુ પડશે. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" Not attempted રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્કસ લાગુ નહી પડે.
- પ્રાથમિક કસોટી ફકત સ્ક્રીનીંગ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી માટે ધ્યાને લેવાશે નહી.
- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦મીનીટ લેખે વધારાનો સમય ફાળવાશે.
- પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે. અને જગ્યાના આધારે સાતગણા ઉમેદવારને બીજા તબકકાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય કસોટી માટે લાયક ઉમેદવારો આ જગ્યા માટે જરૂરી શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા તેમજ અન્ય જરૂરી બાબતો સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

- પ્રાથમિક પરીક્ષામાં કોઈ પણ કેટેગરી માટે ૪૦ % Qualifying Standard રહેશે. તે થી ઓછું Qualifying Standard નકકી કરવામાં આવશે નહી.

## જુનિયર કલાર્ક માટે મુખ્ય પરીક્ષા :

જુનિયર કલાર્ક માટે પ્રથમ તબકકાની પરીક્ષા બાદ તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક GS/2026/01/0125/K પ્રમાણે જુનિયર કલાર્ક માટે પ્રાથમિક કસોટીમાં પ્રથમ સાત ક્રમે રહેલ ઉમેદવારોની મુખ્ય પરીક્ષા MCQ-OMR પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. જેનું માળખું નીચે પ્રમાણે રહેશે.

| ક્રમ | વિગત | ગુણભાર |
|---|---|---|
| 1 | Indian State System and Constitution | 20 |
| 2 | Indian Economy, State Economy, NITI Aayog | 20 |
| 3 | Public Administration and Governance | 20 |
| 4 | Discipline and Ethics in Public Service | 10 |
| 5 | Information on various government Schemes | 30 |
| 6 | Regional, National and International Important Events including Current Affairs | 30 |
| 7 | History and Geography of Gujarat | 20 |
| 8 | Cultural Heritage of Gujarat (Art and Literature) | 10 |
| 9 | Gujarati and English | 20 |
| 10 | Science, Environment and Information Technology | 20 |
| | Total | 200 |

- જુનિયર કલાર્ક મુખ્ય પરીક્ષામાં ૨૦૦ પ્રશ્નો હશે. દરેક પ્રશ્નનો ૧ ગુણ રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
- ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્ક લાગુ પડશે. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" Not attempted રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને તેના માટે કોઈ નેગેટીવ માર્કસ લાગુ નહી પડે.
- દિવ્યાંગ ઉમેદવારને ૧ કલાક ૫૨ ૨૦ મિનિટનો વધારાનો સમય મળી શકે છે.
- અંગ્રેજી વિષયના પ્રશ્નો સિવાય બધાજ પ્રશ્નોનું માધ્યમ ગુજરાતી રહેશે.
- મુખ્ય પરીક્ષામાં કોઈ પણ કેટેગરી માટે ૪૦ % Qualifying Standard રહેશે. તેથી ઓછું Qualifying Standard નકકી કરવામાં આવશે નહી.

**પસંદગી યાદી તૈયાર કરવાની પધ્ધતિ :**

1. ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પ્રાથમિક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. ભરવાની થતી જગ્યાના સાત ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.
2. સંસ્થા દ્વારા બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ તેમજ આખરી પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.
3. બીજા તબ્બકામાં પરીક્ષાના પરિણામ બાદ મેરીટ યાદી મુકવામાં આવશે.
4. નિમણુંક માટે બીજા તબ્બકાની મુખ્ય પરીક્ષાના પરિણામને આધારે મેરીટમાં પ્રથમ ક્રમ પરના ઉમેદવાર નિમણૂંકને પાત્ર ઠરશે.
5. જાહેરાતના અર્થઘટન બાબતે વિસંગતતા ઉભી થાય ત્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો આખરી ગણાશે.

**લઘુત્તમ લાયકી ધોરણ :-**

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં તથા તે તબક્કાના તમામ પેપરમાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

**પરીક્ષાનું આયોજન :**

1) પરીક્ષા ઉમેદવારે સંસ્થા દ્વારા નક્કી કરેલ કેન્દ્ર પર આપવાની રહેશે.

2) પરીક્ષા અંગેની સૂચના સંસ્થાની વેબસાઇટ www.sgvpngo.org પર મૂકવામાં આવશે.

3) ઉમેદવારોએ પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર ખાતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

**સામાન્ય સુચનાઓ :-**

1. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબકકે "રદ" ગણવામાં આવશે.
2. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો જોડે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

3. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે. તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં સંસ્થા તરફથી આ પરિક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે. તેથી અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.

4. સંસ્થા જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, ટ્રસ્ટનાં અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્ત લેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ. સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

5. ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023 અધિનિયમ માર્ચ, ૨૦૨૩ થી અમલી કરેલ છે. આથી, સંસ્થા દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગૂ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં જો કોઈપણ ઉમેદવાર Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023 - ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

6. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા દ્વારા "રદ" કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી / નિમણૂંક થયેલ હશે તો પસંદગી / નિમણૂંક, મંડળ / નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે "રદ" કરવામાં આવશે.

7. સંસ્થા ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

8. પસંદગી પામેલ ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

9. ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ વખતો વખતના સુધારા સહિત અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

10. આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને સંસ્થા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

11. કોઈપણ સરકારી અનુદાન મેળવતી કે સીધી સરકારી સંસ્થામાં કામ કરતા હોય અને આ જગ્યા માટે અરજી કરેલ હોય તેવા ઉમેદવારોએ એન.ઓ.સી. ફરજીયાત પણે અરજી સાથે રજુ કરવાની રહેશે.